રૂપાંતરીત ગામ/નગર પંચાયતનાં ૧/૪/૬૩ બાદ નિમણુંક પામેલ કર્મચારીઓને તબીબી ભથ્થું મંજુરી કરવા બાબત..

ગુજરાત સરકાર,
પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:નપમ/૧૦૮૩/૧૫૬૧/ક,
સચિવાલય, ગાંધીનગર.
તા:૨૭/૧૨/૧૯૯૧.

વંચાણમાં લીધા:-

(૧) પંચાયત વિભાગનો તા:૨૬/૧૦/૮૩નો ઠરાવ ક્રમાંક:નપમ/૧૦૮૩/૧૭૨૫/ક.૧.
(૨) પંચાયત વિભાગનો તા: ૧૭/૧/૮૪ નો ઠરાવ ક્રમાંક:નપમ/૧૦૮૩/૧૭૨૫/ક.૧.

ઠ રા વ :-

આમુખમાં જણાવેલા ઠરાવોથી સુધરાઈમાંથી રુપાંતર પામેલી ગ્રામ અને નગર પંચાયતોમાં ફરજ બજાવતાં એલોકેટેડ કર્મચારીઓને તબીબી ભથ્થું તેમજ તબીબી રાહત અંગેના લાભો આપવા અંગેનો હુકમો કરવામાં આવેલ છે. આ લાભ આવી રુપાંતરીત ગ્રામ/નગર પંચાયતોમાં તારીખ: ૧/૪/૬૩ બાદ નિમાયેલ કર્મચારીઓને આપવા અંગેની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી. આ બાબતમાં કાળજીપુર્વકની વિચારણાબાદ રાજય સરકારે આમુખમાં જણાવેલ ઠરાવોનો લાભ રુપાંતરીત ગ્રામ અને નગર પંચાયતોમાં ૧/૪/૬૩ બાદ નિમણુંક પામેલ કર્મચારીઓને નીચેની શરતોને આધિન રહીને આપવાનો રાજય સરકારે નિર્ણય કરેલ છે.

૧. આ લાભ સુધરાઈમાંથી રુપાંતરીત પામેલી ગ્રામ અને નગર પંચાયતોમાં સક્ષમ અધિકારીની મંજુરી મેળવીને ઉભી કરવામાં આવેલ જગ્યાઓ પર ફરજબજાવતાં જ કર્મચારીઓને જ મળી શકશે.

૨. જે કર્મચારીઓ હાલ નોકરીમાં ચાલુ છે અથવા તા:૧/૪/૮૨ બાદ નિવૃત્ત થયેલ છે, અને તેઓ જે પંચાયતમાં ફરજ બજાવતા હોય તે પંચાયતમાં હાલ કે અગાઉ કોઈ પ્રકારનું તબીબી ભથ્થું આપવાની કે મેડીકલ રીએમ્બર્સમેન્ટની યોજના નથી અથવા ન હતી તેમણે તબીબી ભથ્થું અથવા મેડીકલ રીએમ્બર્સમેન્ટ માટે વિકલ્પ આપવો પડશે. જે કર્મચારી મેડીકલ રીએમ્બર્સમેન્ટ માટે વિકલ્પ આપશે તે તા:૧/૪/૮૨ થી વિકલ્પની તારીખ સુધી કેવળ તબીબી ભથ્થું મેળવવાને હકદાર રહેશે. અને વિકલ્પની તારીખ બાદ આવું ભથ્થું ચુકવવાપાત્ર થશે નહીં. જે કર્મચારી તબીબી ભથ્થું માટે વિકલ્પ આપશે તેમને તા:૧/૪/૮૨ થી વિકલ્પની તારીખ સુધી અને વિકલ્પની તારીખ બાદ પણ એમને આવું ભથ્થું ચુકવવાપાત્ર થશે.

....૨...

૩. જે કર્મચારીઓ તાઃ૧/૪/૧૯૮૨ પહેલાં નિવૃત્ત થયા છે તેમના કિસ્સામાં પણ ઉપર (૨) માં જણાવ્યા પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે. આ લાભ ૧/૪/૧૯૬૩ પહેલાંના એલોકેટેડ કર્મચારીઓને પણ મળી શકશે.

૪. જે પંચાયતમાં મેડીકલ રીઅમ્બર્સમેન્ટ અગર તબીબી ભથ્થું આપવાની યોજના છે તેવી પંચાયતોનાં કર્મચારીઓને તેમના વિકલ્પ પ્રમાણે વિકલ્પની તારીખથી રાજ્ય સરકારના ધોરણે તબીબી ભથ્થું અથવા મેડીકલ રીઅમ્બર્સમેન્ટ ચુકવવાનું રહેશે.

૫. પંચાયત અધિનિયમની કલમ-૨૦૪ હેઠળની વૈધાનિક જોગવાઈ મુજબ ઉપર (૧)થી (૪) પ્રમાણે ચુકવવાપાત્ર થતી રકમ, જે તે પંચાયતે તેનાં સ્વભંડોળમાંથી ચુકવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકનીફાઈલ પરની આરોગ્ય.અને પરિવાર કલ્યાણની તાઃ ૨૯/૧૦/૯૧ ની તથા નાણાં વિભાગની તાઃ ૧૯/૧૧/૯૧ ની નોંધથી મળેલસંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( રમણ આર્ય )
ઉપસચિવ,
પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ.

પ્રતિ,
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજકોટ / અમદાવાદ.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ અને હિસાબ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ.
- નાણાંકીય સલાહકાર શ્રી, પંચાયત વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો, સર્વે ખાતાના વડાઓ.
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી,
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સરપંચશ્રી, અધ્યક્ષશ્રી............ ગ્રામ/નગર પંચાયત...... જિલ્લો.
- સર્વે શાખા, પંચાયત વિભાગ ક. શાખા સિવાય.
- સિલેકટ ફાઈલ.

પટેલ૧૮૧૨ટે.